## અમિત જોગી બે દાયકા જૂના એનસીપી નેતાની હત્યા કેસમાં દોષિત જાહેર

બિલાસપુર, તા. ૨ (PTI): એનસીપી નેતા રામઅવતાર જગ્ગીની હત્યાના લગભગ ૨૩ વર્ષ બાદ છત્તીસગઢ હાઈકોર્ટે ગુરુવારે રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી અજીત જોગીના પુત્ર અમિત જોગીને આ કેસમાં દોષિત ઠેરવ્યા છે અને તેમને ત્રણ અઠવાડિયામાં આત્મસમર્પણ કરવાનો નિર્દેશ આપ્યો છે. એમ સીબીઆઈના વકીલે જણાવ્યું હતું. ટ્રાયલ કોર્ટે ૨૦૦૭માં અમિત જોગીને નિર્દોષ જાહેર કર્યા હતા, જેઓ તેમના સ્વર્ગસ્થ પિતા દ્વારા સ્થાપિત 'જનતા કોંગ્રેસ છત્તીસગઢ (જે)' ના પ્રમુખ છે. જોકે, સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ) દ્વારા કરવામાં આવેલી અપીલ પર સુપ્રીમ કોર્ટના નિર્દેશો બાદ હાઈકોર્ટે ગયા મહિને ૨૦૦૩ના આ હત્યા કેસમાં કાર્યવાહી ફરી શરૂ કરી હતી. સુપ્રીમ કોર્ટે ગયા વર્ષે નવેમ્બરમાં કહ્યું હતું કે, જોકે સીબીઆઈએ નોંધપાત્ર વિલંબ બાદ અરજી દાખલ કરી હતી, પરંતુ એ પણ એટલું જ સાચું છે કે પ્રતિવાદી અમિત જોગી સામેના આરોપો અત્યંત ગંભીર હતા.

## સંસદનું બજેટ સત્ર 16 એપ્રિલથી ત્રણ દિવસ માટે ફરી શરૂ થશે

નવી દિલ્હી, તા. 2 (PTI): ટૂંકા વિરામ બાદ 16 એપ્રિલથી સંસદનું બજેટ સત્ર ફરી શરૂ થશે. આ સત્રમાં લોકસભાની બેઠકોની સંખ્યા 543 થી વધારીને 816 કરવા માટેના બિલ પસાર કરવામાં આવશે, જેથી મહિલા અનામત કાયદાનો વહેલી તકે અમલ કરી શકાય. ચૂંટણીની મોસમમાં સરકાર અને વિરોધ પક્ષો વચ્ચે આ મુદ્દો નવો વિવાદ છેડે તેવી શક્યતા છે. જ્યારે સરકાર મહિલા અનામત બિલ અથવા 'નારી શક્તિ વંદન અધિનિયમ, 2023'માં સુધારા સહિતના બિલો પસાર કરવા માટે ઉત્સુક છે, ત્યારે વિરોધ પક્ષોએ કેન્દ્ર સરકાર પર આક્ષેપ કર્યો છે કે તે રાજ્યની ચૂંટણીઓમાં રાજકીય લાભ લેવા માટે ઉતાવળે સુધારા પસાર કરવાનો પ્રયાસ કરી રહી છે. બંને ગૃહો 16 એપ્રિલે ફરી મળશે અને સૂત્રોનું કહેવું છે કે, પ્રસ્તાવિત કાયદાઓ પર ચર્ચા કરવા માટે આ બેઠક ત્રણ દિવસ સુધી ચાલે તેવી શક્યતા છે. સરકારે વિરોધ પક્ષોને જાણ કરી હોવાનું મનાય છે કે 16 એપ્રિલથી શરૂ થનારી બેઠકો ત્રણ દિવસ સુધી ચાલશે.

## તેજસ વિમાનો આવતા અઠવાડિયાથી ફરી ઉડાન ભરવા તૈયાર

નવી દિલ્હી, તા. 2 (PTI): ભારતીય વાયુસેનાના તેજસ લાઈટ કોમ્બેટ જેટ (હળવા લડાકુ વિમાનો) આવતા અઠવાડિયે ફરી આકાશમાં ઉડાન ભરવા માટે તૈયાર છે. અગ્રિમ હરોળના એક એરબેઝ પર આ વિમાનો પૈકીનું એક વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયા બાદ છેલ્લા બે મહિનાથી સમગ્ર કાફલા પર ઉડાન ભરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. આ વિમાનોનું ઉત્પાદન કરતી કંપની હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (એચએએલ)ના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર ડી. કે. સુનીલે જણાવ્યું હતું કે, ૩૪ તેજસ વિમાનોનો આખો કાફલો સંભવતઃ ૮ એપ્રિલથી ફરી ઉડાન ભરશે. કારણ કે, વિમાનના સોફ્ટવેરમાં જોવા મળેલી ખામીને દૂર કરવામાં આવી છે. ડી. કે. સુનીલે કહ્યું હતું કે, "તમામ તેજસ જેટ આવતા બુધવારથી ફરી ઉડાન ભરવા માટે તૈયાર છે." ફેબ્રુઆરીના પ્રથમ અઠવાડિયામાં એક તેજસ જેટ રનવે પરથી આગળ નીકળી ગયું હતું અને તેના એરફ્રેમ (માળખા)ને નુકસાન થયું હતું.

## સિંગાપોરે નવા હિન્દુ મંદિર માટે જમીન ફાળવી

સિંગાપોર, તા. 2 (PTI) સિંગાપોર સરકારે હિન્દુ સમુદાયની વધતી જતી જરૂરિયાતોને પહોંચી વળવા માટે શહેર-રાજ્યના યિશુન એવન્યુ 3માં એક નવું હિન્દુ મંદિર બનાવવા માટે જમીનનો પ્લોટ ફાળવ્યો છે. બુધવારે એક મીડિયા રિપોર્ટ અનુસાર, યિશુન હાઉસિંગ એસ્ટેટમાં સ્થિત આ સાઈટ પર શ્રી ગુરુવાયુરપ્પન અય્યપ્પન મંદિર (એસજીએટી)નું નિર્માણ ઓગસ્ટ અથવા સપ્ટેમ્બરમાં શરૂ થવાની અપેક્ષા છે. ભારતીય સમુદાયની સેવા કરતા સાપ્તાહિક 'તબલા!' મુજબ, એસજીએટી સિંગાપોરનું 25મું હિન્દુ મંદિર હશે. સેંગકાંગ હાઉસિંગ એસ્ટેટમાં આવેલું અરુલમિગુ વેલમુરુગન જ્ઞાનમુનીશ્વરર મંદિર 2006માં સિંગાપોરમાં બનેલું છેલ્લું હિન્દુ મંદિર હતું. ટેબ્લોઈડે ઉમેર્યું કે, કેરળના પૂજારીઓ, ખાસ કરીને સબરીમાલા મંદિરના પૂજારીઓ એસજીએટીમાં સેવા આપે તેવી અપેક્ષા છે. 'તબલા!' મુજબ, હાલના શ્રી મહા મારીઅમ્મન મંદિર, જે આ વર્ષે તેના કુંભાભિષેક સમારોહની તૈયારી કરી રહ્યું છે.

## પેજ 3

### રામાયણના ટિઝર સાથે ભગવાન રામ તરીકે રણબીર કપૂરનો લુક રિલીઝ



મુંબઈ, તા. 2 (PTI): ભારતીય સિનેમાના ઈતિહાસની સૌથી મહત્ત્વાકાંક્ષી સિનેમેટિક ઘટનાઓમાંની એક એવી પ્રોડ્યુસર નમિત મલ્હોત્રાની ફિલ્મ 'રામાયણ'માં ભગવાન રામ તરીકે બોલીવુડ સ્ટાર રણબીર કપૂરનો પ્રથમ લુક ગુરુવારે જાહેર કરવામાં આવ્યો હતો. હનુમાન જયંતિના અવસર પર નિર્માતાઓએ 'રામ' શીર્ષક સાથે બે મિનિટ અને 38 સેકન્ડનું ટીઝર રિલીઝ કર્યું હતું, જેમાં અયોધ્યાના રાજા અને યોદ્ધા તરીકે ભારે સોનાના દાગીનાથી સજ્જ શાહી વસ્ત્રો પહેરેલા કપૂરની સાથે યુદ્ધના મેદાનોથી લઈને ભવ્ય મહેલો અને ગીચ જંગલો સુધીની ભગવાન રામની દુનિયાની પ્રથમ ઝલક પ્રેક્ષકોને જોવા મળી હતી. 'દંગલ' અને 'છીછોરે' માટે જાણીતા નિતેશ તિવારી દ્વારા નિર્દેશિત આ ફિલ્મ સાત વર્ષથી બની રહી છે.

### સાસુ ડિમ્પલ કાપડિયા સાથે મહાકાલ મંદિર પહોંચ્યો અક્ષય કુમાર



મુંબઈ, તા. 2 : બોલિવૂડ ઇન્ડસ્ટ્રીમાં પોતાનો સિક્કો જમાવનાર એક્ટર અક્ષય અવારનવાર કોઈને કોઈ કારણસર ચર્ચાઓમાં રહે છે. ક્યારેક પોતાના નિવેદનને લઈને તો ક્યારેક પોતાની અંગત બાબતો શેર કરીને, પરંતુ હાલમાં તો અક્ષય કુમાર પોતાની આગામી ફિલ્મ 'ભૂત બંગલા'ને લઈને ચર્ચાઓમાં છે. ફિલ્મ રિલીઝ થાય તે પહેલા જ અક્ષય કુમાર ફિલ્મના પ્રમોશનમાં લાગી ગયા છે. ઉલ્લેખનીય છે કે, હાલમાં જ અક્ષય કુમારને ઉજ્જૈનના મહાકાલ મંદિરમાં જોવામાં આવ્યો હતો. આ દરમિયાન તે એકલો નહોતા દેખાયો, પરંતુ તેમની સાથે તેમના સાસુ ડિમ્પલ કાપડિયા હતા. જી હા, સાસુ ડિમ્પલે પણ બાબા સામે હાથ જોડીને પોતાના જમાઈ માટે ખાસ મન્નત માંગી છે. વાયરલ થઈ રહેલા વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે ડિમ્પલ કાપડિયા અને અક્ષય કુમાર બંને પૂજા-પાઠ અને ભક્તિમાં લીન જોવાં મળી રહ્યાં છે.

### હાઈકોર્ટે હની સિંહ-બાદશાહનું 'વોલ્યુમ 1' ગીત અશ્લીલ ગણાવી હટાવવાનો આદેશ આપ્યો



નવી દિલ્હી, તા. 02 : દિલ્હી હાઈકોર્ટે ગુરુવારે યો યો હની સિંહ અને બાદશાહ સાથે જોડાયેલા એક વિવાદાસ્પદ ગીત સામે કડક વલણ અપનાવતાં તેને 'અત્યંત અશ્લીલ' અને 'મહિલાઓ પ્રત્યે ઘોર અપમાનજનક' ગણાવ્યું હતું. આ બંને કલાકારોના ૨૦૦૦ના દાયકાની શરૂઆતના ભારતીય હિપ-હોપ જૂથ 'માફિયા મુંડીર'ના ભાગરૂપ એવા ટ્રેક 'વોલ્યુમ 1' વિરુદ્ધની અરજી પર સુનાવણી કરતાં કોર્ટે સોશિયલ મીડિયા અને મ્યુઝિક સ્ટ્રીમિંગ સાઇટ્સ સહિત તમામ ડિજિટલ પ્લેટફોર્મ પરથી આ ગીતને તાત્કાલિક હટાવવાનો આદેશ આપ્યો હતો. બેન્ચે કહ્યું હતું કે, ગીતના શબ્દો 'અશ્લીલ' હતા અને કહ્યું હતું કે કોઈપણ સંસ્કારી સમાજ આવી સામગ્રીને ઓનલાઇન મુક્તપણે ઉપલબ્ધ રહેવાની મંજૂરી આપી શકે નહીં.

# સહારાના ધૂળના તોફાનથી ગ્રીક ટાપુનું આકાશ લાલ રંગે રંગાયું

**ભારે પવન** અને વાવાઝોડાને કારણે ઇસ્ટર રજાઓની ફ્લાઇટ્સ ડાયવર્ટ કરવામાં આવી

**જાડી** આફ્રિકન ધૂળના કારણે દૃશ્યતા 1000 મીટર સુધી ઘટી જવાથી વિમાનો ગ્રાઉન્ડ થઈ ગયા





એથેન્સ, તા. 02 : સહારાના ધૂળના તોફાનમાં ઘેરાયેલા ગ્રીક ટાપુ ક્રેટનું આકાશ ભયંકર લાલ-નારંગી રંગમાં રંગાયું છે અને આ પ્રદેશમાં ભારે પવન અને વાવાઝોડાના કારણે યુકેથી ઈસ્ટર રજાઓની ફ્લાઈટ્સ બીજી તરફ વાળવી પડી છે. જાડી આફ્રિકન ધૂળના કારણે દશ્યતા ઓછી થઈ ગઈ, વિમાનો ગ્રાઉન્ડ થઈ ગયા અને હેરાક્લિઓનના મુખ્ય એરપોર્ટ પર આગમનમાં અવરોધ ઉભો થયો, જેના કારણે મુસાફરીમાં અંધાધૂંધી ફેલાઈ ગઈ.

દશ્યતા લગભગ 1,000 મીટર સુધી ઘટી જતાં ઓછામાં ઓછી બે ફ્લાઈટ્સને ડાયવર્ટ કરવાની ફરજ પડી હતી, જે સ્તર લેન્ડિંગ માટે અસુરક્ષિત માનવામાં આવતું હતું. લંડનથી બ્રિટિશ એરવેઝની એક સેવાને કોર્ફુ તરફ ફેરવવામાં આવી હતી, જ્યારે બ્રસેલ્સથી એક SKY એક્સપ્રેસ ફ્લાઇટને એથેન્સ મોકલવામાં આવી હતી. ક્રેટ પર ધૂળના ગાઢ વાદળો છવાયેલા રહેતા હોવાથી સમગ્ર ટાપુ પર હવાઈ મુસાફરી દબાણ હેઠળ છે, જેના કારણે ફ્લાઇટમાં વિલંબ અને કામગીરીમાં વિક્ષેપ પડ્યો છે.

જમીન પર નાટકીય દ્રશ્યો પણ નોંધાયા હતા, જ્યાં પચિયા અમ્મોસના દરિયાકાંઠાના વિસ્તારમાં એક શક્તિશાળી વાવાઝોડાએ એક ટ્રકને પલટી મારી દીધી હતી. આ હવામાનને કારણે વૃક્ષો ઉખડી ગયા, ગ્રીનહાઉસને નુકસાન થયું.

ઈરાપેટ્રામાં, જૂના શહેરની બાજુમાં વિશાળ મોજા ઉછળ્યા, હેરાક્લિઓનની આજુબાજુ, લેન્ડસ્કેપ સહારા જેવું કંઈક બની ગયું છે, ધૂળના જાડા પડદાએ બંદરને લગભગ સંપૂર્ણપણે ઢાંકી દીધું છે. હવા ગૂંગળામણભરી બની ગઈ છે, ધૂળના કણોનું પ્રમાણ ખૂબ જ વધારે હોવાથી પરિસ્થિતિ જોખમી બની ગઈ છે.

## અમેરિકા અને ઈરાન સમજૂતી અંગે વાતચીત કરી રહ્યા હોવાના અહેવાલ

વૉશિંગ્ટન, તા. ૨: Axios આઉટલેટના એક અહેવાલ મુજબ, અમેરિકા અને ઈરાન એક સંભવિત સમજૂતી અંગે વાતચીત કરી રહ્યા છે, જેમાં હોર્મુઝની સામુદ્રધુની ફરીથી ખોલવાના બદલામાં યુદ્ધવિરામ કરવાની દરખાસ્ત છે. અહેવાલમાં એવું પણ જણાવવામાં આવ્યું છે કે ટ્રમ્પે બુધવારે સાઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન સાથે ફોન પર વાતચીત દરમિયાન સંભવિત યુદ્ધવિરામ અંગે ચર્ચા કરી હતી. તે જ દિવસે ટ્રુથ સોશિયલ પર એક પોસ્ટમાં ટ્રમ્પે દાવો કર્યો હતો કે ઈરાનના પ્રમુખ યુદ્ધવિરામ ઈચ્છે છે અને કહ્યું હતું કે તે ત્યારે જ થશે જ્યારે હોર્મુઝની સામુદ્રધુની ખુલ્લી, મુક્ત અને સ્પષ્ટ હશે.ટ્રમ્પે લખ્યું, જ્યારે હોર્મુઝની સામુદ્રધુની ખુલ્લી, મુક્ત અને સ્પષ્ટ હશે ત્યારે અમે વિચારણા કરીશું. ત્યાં સુધી, અમે ઈરાનને નેસ્તનાબૂદ કરી રહ્યા છીએ અથવા, જેમ તેઓ કહે છે તેમ, પથ્થર યુગમાં પાછું મોકલી રહ્યા છીએ!!! જો કે, ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ આ દાવાને ખોટો અને પાયાવિહોણો ગણાવ્યો હતો.

# ખતરો નાબૂદ થયાના ટ્રમ્પના દાવા પછી ઈરાનના ઈઝરાયેલ, ગલ્ફ દેશો પર હુમલા

**ઇરાને** કહ્યું: અમારી પાસે શસ્ત્રો, દારૂગોળો અને ઉત્પાદન સુવિધાઓના છુપા ભંડાર

દુબઈ, તા. ૨(AP): અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભલે એવો દાવો કર્યો હોય કે ઈરાન તરફથી ખતરો લગભગ ખતમ થઈ ગયો છે, પરંતુ ઈરાને ગુરુવારે ઈઝરાયેલ અને ખાડીના આરબ દેશો પર વધુ મિસાઈલો છોડીને પડોશી દેશો પર હુમલો કરવાની પોતાની સતત ક્ષમતાનું પ્રદર્શન કર્યું છે.

ખાડી દેશો પર ઈરાનના હુમલા અને હોર્મુઝની સામુદ્રધુની પર તેના કબજાએ વિશ્વના ઉર્જા પુરવઠાને ખોરવી નાખ્યો છે, જેની અસરો મધ્ય પૂર્વની બહાર સુધી પહોંચી છે. યુદ્ધમાં આ ઈરાનનો સૌથી મોટો વ્યૂહાત્મક ફાયદો સાબિત થયો છે. બ્રિટને લગભગ ત્રણ ડઝન દેશો સાથે ફોન પર વાતચીત કરવાનું આયોજન કર્યું છે કે જેથી યુદ્ધ સમાપ્ત થયા પછી આ જળમાર્ગને ફરી કેવી રીતે ખોલી શકાય તે અંગે ચર્ચા કરી શકાય. ૨૮ ફેબ્રુઆરીએ અમેરિકા અને ઈઝરાયેલે ઈરાન પર હુમલા કરીને યુદ્ધ શરૂ કર્યું તે પહેલાં, આ જળમાર્ગ અવરજવર માટે ખુલ્લો હતો અને વિશ્વના કુલ વેપારના ૨૦ ટકા તેલ અહીંથી પસાર થતું હતું.

ઈરાને ટ્રમ્પના ભાષણનો ઉદ્ધતાઈપૂર્વક જવાબ આપ્યો છે. અમેરિકી રાષ્ટ્રપતિએ દાવો કર્યો હતો કે અમેરિકાની સૈન્ય કાર્યવાહી એટલી નિર્ણાયક હતી કે સૌથી શક્તિશાળી દેશોમાંનો એક હવે ખરેખર કોઈ ખતરો રહ્યો નથી. ઈરાની સૈન્યના પ્રવક્તા લેફ્ટનન્ટ કર્નલ ઈબ્રાહિમ ઝોલ્ફગારીએ ગુરુવારે ભારપૂર્વક જણાવ્યું હતું કે તેહરાન પાસે શસ્ત્રો, દારૂગોળો અને ઉત્પાદન સુવિધાઓના છુપા ભંડાર છે. તેમણે કહ્યું કે અત્યાર સુધી અમેરિકી હુમલાઓમાં જે સુવિધાઓને નિશાન બનાવવામાં આવી છે તે નજીવી છે.

### ટ્રમ્પના ભાષણ પછી પણ સામસામા હુમલા ચાલુ

પ્રમુખનું સંબોધન પૂરું થયાની અડધા કલાકથી પણ ઓછા સમયમાં, ઈઝરાયેલ દ્વારા જણાવવામાં આવ્યું કે તેમની સેના પણ આવી રહેલી મિસાઇલોને રોકવા માટે કામ કરી રહી છે. ભાષણના તુરંત બાદ, અમેરિકી નૌકાદળના 5મા કાફલાના મથક એવા બહેરીનમાં પણ સાયરન ગુંજી ઉઠ્યા હતા. ગુરુવારે સમગ્ર ઈરાનમાં હુમલાઓ ચાલુ રહ્યા હતા, જેમાં અનેક શહેરોમાં હુમલા થયા હોવાના અહેવાલ છે.

### ઓઇલના ભાવમાં ફરી વધારો

આ સંઘર્ષ તેલ અને કુદરતી ગેસના ભાવમાં વધારો કરી રહ્યો છે, શેરબજારમાં ઉથલપાથલ મચાવી રહ્યો છે, પેટ્રોલના ભાવમાં વધારો કરી રહ્યો છે અને ખોરાક સહિતની વિવિધ વસ્તુઓને વધુ મોંઘી બનાવવાની ધમકી આપી રહ્યો છે. ગુરુવારે, આંતરરાષ્ટ્રીય માનક ગણાતા બ્રેન્ટ ક્રૂડના ભાવમાં ફરી વધારો થયો અને સ્પોટ ટ્રેડિંગમાં તે USD 108 પર પહોંચી ગયો હતો. 28 ફેબ્રુઆરીએ જ્યારે ઈઝરાયેલ અને અમેરિકાએ યુદ્ધ શરૂ કર્યું હતું, ત્યારથી અત્યાર સુધીમાં આ ભાવમાં અંદાજે 50 ટકાનો વધારો થયો છે.

# રાજા રવિ વર્માનું 'યશોદા અને કૃષ્ણ' ચિત્ર વિક્રમી રૂ. 167.20 કરોડમાં વેચાયું

**મુંબઇમાં** સેફ્રોનઆર્ટ આયોજીત હરાજીમાં સિરમ ઇન્સ્ટિટ્યુટના સાયરસ પૂનાવાલાએ આ ચિત્ર ખરીદ્યું

**હુસૈનના** 'ગ્રામ યાત્રા' ચિત્રના વેચાણનો રૂ. ૧૧૮ કરોડનો વિક્રમ તૂટ્યો



નવી દિલ્હી, તા. ૨(PTI): પ્રખ્યાત ભારતીય ચિત્રકાર રાજા રવિ વર્માનું તૈલચિત્ર યશોદા અને કૃષ્ણ બુધવારે મુંબઈમાં સેફ્રોનઆર્ટના સ્પ્રિંગ લાઈવ ઓક્શનમાં વિક્રમી રૂ. ૧૬૭.૨૦ કરોડ (૧૭,૯૭૮,૪૯૫ અમેરિકી ડોલર)માં વેચાયું હતું, જે હરાજીમાં વેચાયેલી અત્યાર સુધીની સૌથી મૂલ્યવાન આધુનિક ભારતીય કલાકૃતિ બની છે. આ પેઈન્ટિંગે હુસૈનના 'અનટાઈટલ્ડ (ગ્રામ યાત્રા)' ચિત્ર દ્વારા સ્થાપિત અગાઉના રેકોર્ડને વટાવી દીધો છે, જે ગયા વર્ષે હરાજીમાં રૂ. ૧૧૮ કરોડથી વધુ કિંમતે વેચાયું હતું.

રાજા રવિ વર્માની આ કૃતિ, જેની કિંમત રૂ. ૮૦-૧૨૦ કરોડ અંકાયેલી હતી, તેને સીરમ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર ડો. સાયરસ એસ. પૂનાવાલા દ્વારા ખરીદવામાં આવી છે. પૂનાવાલાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, પ્રતિષ્ઠિત રાજા રવિ વર્માનું ચિત્ર 'યશોદા અને કૃષ્ણ' પ્રાપ્ત કરવા, સાચવવા અને તેની સંભાળ રાખવાની તક મળવા બદલ હું ગૌરવ અનુભવું છું. કલાકારની કારકિર્દીના સુવર્ણકાળ દરમિયાન ૧૮૯૦ના દાયકામાં દોરવામાં આવેલી આ કૃતિ, ભગવાન કૃષ્ણ અને તેમની પાલક માતા યશોદાના પૌરાણિક પાત્રો દ્વારા માતૃત્વના પ્રેમનું સૂક્ષ્મ અર્થઘટન રજૂ કરે છે. આ ચિત્રમાં યશોદા ગાય દોહતા જોવા મળે છે જ્યારે બાલ કૃષ્ણ પાછળથી દૂધનું પાત્ર લેવા માટે પહોંચે છે, જે દર્શકને આ દ્રશ્યમાં ખેંચી લાવે છે અને એક ઘરેલું ક્ષણને પવિત્ર કથામાં સહભાગી થવાના અનુભવમાં પરિવર્તિત કરે છે. તેને વર્માની સૌથી નોંધપાત્ર અને ભાવસભર રચનાઓમાંની એક ગણવામાં આવે છે.

## પાકિસ્તાનમાં ભારે વરસાદથી 12ના મોત, વધુ પૂરની ચેતવણી

કરાચી, તા. 2 (PTI): પાકિસ્તાનના વિવિધ પ્રાંતોમાં ભારે વરસાદ, ગાજવીજ અને અચાનક આવેલા પૂરને કારણે છેલ્લા 24 કલાકમાં ઓછામાં ઓછા 12 લોકોનાં મોત થયાં છે. ગુરુવારે કરાચીમાં ચાર કલાકમાં સરેરાશ 30થી 45 મીમી વરસાદ પડતા જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. ગુરુવાર સવારથી શરૂ થયેલા ભારે વરસાદને કારણે કરાચીમાં કટોકટી જાહેર કરવામાં આવી છે, જેના કારણે શહેરી વિસ્તારોમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે અને સામાન્ય જીવન તથા ટ્રાફિકને ગંભીર અસર પહોંચી છે. એધી ટ્રસ્ટ અને છીપા વેલ્ફેર સહિતની બચાવ સેવાઓએ પુષ્ટિ કરી છે કે, જુદા જુદા વિસ્તારોમાં વીજ કરંટ લાગવાથી અને ઘરની દીવાલો ધરાશાયી થવાથી પાંચ લોકોનાં મોત થયાં છે. કરાચીમાં ઠંડા અને તેજ પવન ફૂંકાવાને કારણે સાઈનબોર્ડ ઉખડી ગયા હતા.

# રાજ્યસભામાં આપના નાયબ નેતાપદેથી રાઘવ ચઢ્ઢાને હટાવી દેવાયા

**પક્ષના** ટોચના નેતૃત્વ સાથે ચઢ્ઢાને મતભેદો સર્જાયા હોવાના અહેવાલો, અશોક મિત્તલને જવાબદારી સોંપાઇ

**છેલ્લા** કેટલાક સમયથી ચઢ્ઢા પક્ષના જાહેર કાર્યક્રમોમાં દેખાતા ન હતા

નવી દિલ્હી, 2 એપ્રિલ (PTI): આમ આદમી પાર્ટી(આપ)એ ગુરુવારે રાજ્યસભામાં પાર્ટીના ડેપ્યુટી લીડર તરીકે રાઘવ ચઢ્ઢાના સ્થાને અશોક મિત્તલની નિમણૂક કરી છે, જેમના ટોચના નેતૃત્વ સાથેના કથિત મતભેદોની ચર્ચાઓ વચ્ચે આ મોટો ફેરફાર જોવા મળ્યો છે. આ વિકાસ અંગે જ્યારે રાઘવ ચઢ્ઢાનો સંપર્ક કરવામાં આવ્યો ત્યારે તેમણે કોઈ પ્રતિભાવ આપ્યો ન હતો. પાર્ટીના નેતાઓએ પુષ્ટિ કરી છે કે રાજ્યસભા સચિવાલયને પત્ર લખીને ચઢ્ઢાને ઉપલા ગૃહમાં પાર્ટીના ડેપ્યુટી લીડરના પદેથી હટાવવા વિનંતી કરવામાં આવી હતી. રાજ્યસભામાં AAPના નેતા સંજય સિંહે પત્રકારોને જણાવ્યું હતું કે રાજ્યસભા સચિવાલયને પાર્ટીના આ નિર્ણયથી વાકેફ કરી દેવામાં આવ્યું છે. બીજી તરફ, આપ નેતાઓએ એવા દાવાઓને નકારી કાઢ્યા હતા કે ચઢ્ઢાને પાર્ટીના સાંસદોના ક્વોટા હેઠળ રાજ્યસભામાં બોલતા અટકાવવામાં આવ્યા હતા.

પત્રકારો સાથે વાત કરતા અશોક મિત્તલે જણાવ્યું કે AAPના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે તેમને રાજ્યસભામાં પાર્ટીના ડેપ્યુટી લીડર તરીકેની જવાબદારી સોંપી છે, અને તેઓ પોતાની ફરજો નિષ્ઠાપૂર્વક નિભાવશે તથા ગૃહમાં પક્ષનું વલણ અને રાષ્ટ્રીય હિતોને મજબૂત રીતે રજૂ કરશે. પંજાબના રાજ્યસભા સાંસદ મિત્તલે ઉમેર્યું કે અમારી પાર્ટીમાં દરેકને બોલવાનો સમય મળે છે અને તે એક લોકશાહી પ્રક્રિયા છે, તેથી રાઘવ ચઢ્ઢાને પણ ભવિષ્યમાં રાજ્યસભામાં બોલવા માટે સમય આપવામાં આવશે. આ ફેરફારને સામાન્ય પ્રક્રિયા ગણાવતા તેમણે નોંધ્યું કે અગાઉ એન.ડી. ગુપ્તા ડેપ્યુટી લીડર હતા અને ત્યારબાદ ચઢ્ઢાને આ જવાબદારી મળી હતી. હવે આ ભૂમિકા તેમને સોંપવામાં આવી છે જેથી તેઓ રાજકારણમાં વહીવટી કૌશલ્યો અને પ્રક્રિયાઓ શીખી શકે.

# કોઇ પણ દુ:સાહસ કરવા સામે પાકિસ્તાનને રાજનાથની ચેતવણી

**આવા** સંજોગોમાં ભારતીય લશ્કરનો જવાબ અભૂતપૂર્વ અને નિર્ણાયક હશે

**દેશમાં** ઈંધણ કે ગેસની કોઇ અછત નહીં હોવાનું જણાવતા સંરક્ષણ મંત્રી

નવી દિલ્હી, તા. ૨: ભારતના સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ગુરુવારે પાડોશી દેશ પાકિસ્તાનને કડક ચેતવણી આપી હતી. જ્યાં ચૂંટણી યોજાવાની છે તે કેરળમાં 'સૈનિક સન્માન સંમેલન'માં બોલતા તેમણે કહ્યું, "આપણો પાડોશી, વર્તમાન પરિસ્થિતિમાં, કોઈપણ દુસ્સાહસ કરી શકે છે. જો તે આવું કરશે, તો ભારતની કાર્યવાહી અભૂતપૂર્વ અને નિર્ણાયક હશે."

પશ્ચિમ એશિયામાં તણાવ વધી રહ્યો છે ત્યારે નવી દિલ્હીએ પહેલગામ આતંકવાદી હુમલાની વરસીના થોડા દિવસો પહેલા જ પાકિસ્તાનને ચેતવણી આપી છે. ગત વર્ષે 22 એપ્રિલે, નવેમ્બર 2008ના મુંબઈ આતંકી હુમલા પછી ભારતે અત્યાર સુધીનો સૌથી ભયાનક હુમલો જોયો હતો. સિંહે ઉમેર્યું હતું કે, "પહેલગામમાં આતંકવાદી ઘટના પછી, ભારતીય સૈનિકોએ 'ઓપરેશન સિંદૂર' દરમિયાન માત્ર 22 મિનિટમાં પાકિસ્તાનને ઘૂંટણિયે લાવી દીધું હતું. ભારતીય સૈન્ય ઈતિહાસમાં આતંકવાદ વિરુદ્ધ આ અત્યાર સુધીનું સૌથી મોટું ઓપરેશન હતું." સંરક્ષણ મંત્રીએ એમ પણ જણાવ્યું હતું કે દેશમાં બળતણ કે ગેસની કોઈ અછત નથી અને પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષના પરિણામે ઊભી થનારી કોઈપણ ઉર્જા કટોકટીનો સામનો કરવા ભારત તૈયાર છે.

ચૂંટણીલક્ષી કેરળમાં 'સૈનિક સન્માન સંમેલન'માં બોલતા સિંહે કહ્યું કે, ભારતીય નૌકાદળના જહાજો દરિયાઈ વેપાર માટેના મહત્વના ગેટવે અને ઈરાની ક્ષેત્ર ગણાતા હોર્મુઝની સામુદ્રધુની દ્વારા દેશના ટેન્કરોને સુરક્ષિત રીતે એસ્કોર્ટ કરી રહ્યા છે.

# ઈન્ડોનેશિયામાં દરિયામાં 7.4નો ભૂકંપ : કેટલીક ઈમારતો ધરાશાયી, એકનું મોત

**ભૂકંપના** લગભગ અડધા કલાક દરિયામાં 30 ઈંચ સુધી ઊંચાં મોજાં ઊછળ્યાં



મનાડો (ઈન્ડોનેશિયા), તા. 2 (એપી): ઉત્તરી ઈન્ડોનેશિયાના ભાગોમાં ગુરુવારે દરિયાની અંદર 7.4ની તીવ્રતાનો ભૂકંપ આવતાં નજીકની ઈમારતો ધરાશાયી થઈ ગઈ હતી. લોકો તેમના ઘરોમાંથી બહાર દોડી હતા. જેમાં ઓછામાં ઓછા એક વ્યક્તિનું મોત નીપજ્યું હતું અને નાની સુનામી પણ આવી હતી. મોલુકા સમુદ્રમાં કેન્દ્રિત આ ભૂકંપના લગભગ અડધા કલાક પછી કેટલાક મોનિટરિંગ સ્ટેશનો પર સામાન્ય ભરતી કરતા 75 સેમી (30 ઈંચ) સુધી ઊંચાં મોજાં ઊછળ્યાં હતાં. ઈન્ડોનેશિયાની હવામાન એજન્સીએ ભૂકંપના કલાકો પછી તેની સુનામીની ચેતવણી પાછી ખેંચી લીધી હતી અને ફિલિપાઈન ઈન્સ્ટિટ્યૂટ ઓફ વોલ્કેનોલોજી એન્ડ સિસ્મોલોજીએ જણાવ્યું હતું કે, દેશ માટે કોઈ વિનાશક ખતરો નથી, જે ભૂકંપના કેન્દ્રની ઉત્તરે આવેલું છે. ઈન્ડોનેશિયાની ડિઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીના જણાવ્યા અનુસાર, ઉત્તર સુલાવેસી પ્રાંતના બિતુંગમાં તેમ જ પડોશી ઉત્તર માલુકુ પ્રાંતના ટેર્નેટ શહેરમાં 10થી 20 સેકન્ડ સુધી જોરદાર આંચકા અનુભવાયા હતા.


// વેચાણ અંગેની જાહેર નોટિસ //

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, ડિસ્ટ્રીકટ સુરત, સબ-ડીસ્ટ્રીકટ ઓલપાડ, મોજે ગામ સેગવાછામા ની સીમના રે.સ.નં. ૪૩/૨, બ્લોક નં. ૧૦૧, ખાતા નં. ૪૮૪, આકાર રૂા. ૦૫.૭૫ પૈસા ક્ષેત્રફળ હે.આરે. ૦-૪૫-૫૩ સ.ચો.મી. વાળી જુની શરતની પીયત ખેતીની જમીન રણછોડભાઈ જીવરાજભાઈ સવાણી (HUF), ભુપતભાઈ જીવરાજભાઈ સવાણી (HUF) અને ચેતનભાઈ ઉર્ફે દેવેન્દ્ર રસીકલાલ બારોટની સ્વતંત્ર, સંપુર્ણ માલિકી, પ્રત્યક્ષ કબજા ભોગવટાની ચાલી આવેલ હોવાનું જણાવી તથા સદરહુ જમીન બોજા રહીત, બિનતકરારી અને ટાઈટલ કલીયર હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. સદરહુ જમીન ઉપર કોઈપણ વ્યકિત, બેંક કે સંસ્થાનો ચાર્જ, બોજો કે લિયન યા અન્ય કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, દર-દાવો, લાગભાગ, કબજો, બોજો, સોદાચિઠ્ઠી, સાટાખત કે બાનાખત, વીલ, વાંધા હોય તો દિન-૭ માં દસ્તાવેજી પુરાવા સાથે લેખીતમાં હમોને નીચે દર્શાવેલ સરનામે જાણ કરવી. નહિતર મુદત વિત્યે કોઈના કોઈપણ જાતના હકકો નથી યા છોડી દિધા છે યાને વેવ કરેલ છે તેમ ગણી હમારા અસીલ સદરહુ જમીનનો રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહિ. જેની નોંધ લેવી.

(તા.૦૩/૦૪/૨૦૨૬)
ઓફિસ : ૨૩૧, ગ્રીન એલીના, સાગર કોમ્પલેક્ષની બાજુમાં, આનંદ મહલ રોડ, અડાજણ,સુરત. મો. ૯૮૨૫૯૧૩૬૮૦

અમારા અસીલની સુચના અને ફરમાઈશથી
હેમેન્દ્રસિંહ એન. ચુડાસમા
(એડવોકેટ)

:: વેચાણ અંગેની જાહેર નોટીસ ::

સુરત ડિસ્ટ્રીકટ, ઓલપાડ સબ-ડીસ્ટ્રીકટ ના ગામ મોજે ઉમરાછી ના રેવન્યુ સર્વે નં. ૧૮૨, બ્લોક નં. ૧૯૮, ખેડ ખાતા નં. ૩૩, આકાર રૂા. ૧૦.૦૦ પૈસા અન્વયેની બીન ખેતી પ્રિમીયમને પાત્ર ખેતીની જમીન કે જેનું સુમારે ક્ષેત્રફળ હે.આરે. ૦-૮૬-૦૦ ચો.મી. જમીન-મીલકતનાં (૧) જગદિશભાઈ ગુલાબભાઈ, (૨) હર્ષાબેન જગદિશભાઈ દેસાઈ, (૩) ઝંખના ચિરાગ દેસાઈ તથા (૪) નિમિષા જીજ્ઞેશ દેસાઈના પોતે કુલ, સ્વતંત્ર અને સંપુર્ણ માલિક, મુખત્યાર અને પ્રત્યક્ષ કબજેદાર તથા ભોગવટેદાર હોવાનું જણાવી હમારા અસીલને નબોજી, નકરજી, ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલ સહિત રોકડ અને કિંમતી અવેજ બદલ, સ્થળ ઉપરના પ્રત્યક્ષ કબજા સાથે વેચાણ આપવા નક્કી કરેલ છે. જેથી ઉપરોકત જમીન-મિલકત બાબતે હરકોઈ વ્યકિત, પેઢી, કંપની, સંસ્થા અગર તો રાષ્ટ્રીયકૃત, ખાનગી અગર સહકારી બેંક અગર નાંણા ધીરનારી મંડળી વિગેરેનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, સબંધ, ભરણપોષણના હકકો, અલાખો, બોજો, કરાર, લખાણ, વિગેરે હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૦(દસ) માં અમારા નીચે જણાવેલ સરનામે લેખિત પુરાવા સાથે લેખીત વાંધાઓ રજુ કરવા, સમયસર વાંધાઓ રજુ નહીં કરવામાં આવે તો તેવા કોઈ ત્રાહિતના હકક સંબંધ નથી અને હોય તો તે જતા યાને વેવ કરેલા છે એવુ માની આ જાહેર નોટીસની મુદત વિત્યે સદરહું જમીન-મીલકત અંગે હમારા અસીલ કાયદેસરનો નક્કી થયેલો વેચાણ અવેજ ચુકવી આપી સ્થળ ઉપરનો પ્રત્યક્ષ કબજો સંભાળી, પોતાના લાભમાં રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

અસીલની સુચના અને ફરમાઈશ અન્વયે

(તા.૦૩/૦૪/૨૦૨૬)
ઠે.એમ-૧, પટેલ નગર સોસાયટી, જહાંગીરપુરા, ઓલપાડ રોડ, સુરત મો.૯૪૨૭૮૦૯૦૦૫

સંજય જે. આહિર
તે ખરીદનારના એડવોકેટ